જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૯૮૩૭૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૧૫ /૦૯ /૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત માધ્યમિક,ઉ.મા. શાળાઓ તરફ
જિ-સુરત

આ સાથે સામેલ મે, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક/ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૧૬૫૪૨-૭૫તા.૧૩/૦૯/૨૦૨૨ સંદર્ભે ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ ને " સંસ્કૃત ગૌરવ પરીક્ષા " માં ભાગ લેવા બાબતે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/ ૯૬૫૪૪-૭૫

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૧૩/૦૯/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને 'સંસ્કૃત ગૌરવ પરીક્ષા' માં ભાગ લેવા બાબત.
સંદર્ભ : ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હિ/૨૦૨૨/૩૭૦, તા.૬/૯/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે સંસ્કૃત ભારતી દ્વારા સમગ્ર દેશ ઉપરાંત વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યના ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં 'સંસ્કૃત ગૌરવ પરીક્ષા' પ્રકલ્પ ચાલી રહેલ છે.

'સંસ્કૃત ગૌરવ પરીક્ષા' પ્રતિવર્ષ ચાર વિભાગોમાં લેવામાં આવે છે. ચાલુ વર્ષે આ પરીક્ષા તા.૭/૧/૨૦૨૩ ના રોજ યોજાનાર છે. આ અંગે વધુ વિગતો બિડાણમાં સામેલ છે. જેનો અભ્યાસ કરી તમામ વિગતો ધ્યાને લઈ ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને સ્વેચ્છાએ આ પરીક્ષામાં ભાગ લેવા અંગે આપની કક્ષાએથી તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી જાણ કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

બિડાણ: ઉપર મુજબ.

આ.ક્ર. ૫૫૬૫
૧૪/૧
પત્ર ૩ નકલે
૧૫/૯

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગ-૩ સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ
સેક્ટર – ૧૨ ગાંધીનગર
Email:-grsbg2020@gmail.com

જા.નં.હિ/૨૦૨૨/૩૭૦ તા.૦૬/૦૯/૨૦૨૨

ગુજરાત રાજ્ય ... 6 SEP 2022 ... 21441

પ્રતિ,

કમિશનરશ્રી,

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુ.રા. ગાંધીનગર.

વિષય:માધ્ય. તથા ઉ.માધ્ય. શાળાઓના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા"માં ભાગ લેવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃતિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની માધ્ય. તથા ઉ.માધ્ય. શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" પ્રકલ્પ ચાલી રહયો છે. જે અન્વયે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે યોજવામાં આવનાર છે. જે અંતર્ગત શાળાઓમાં સ્વેચ્છાએ ભાગ લેવા વિદ્યાર્થીઓની વિગતો મોકલવાની તારીખ પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

આપના હસ્તકની માધ્ય. તથા ઉ.માધ્ય. શાળાના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ ભાગ લઇ શકશે, તે મુજબની આપની કક્ષાએથી જરુરી સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(મહેશ મહેતા)
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર

બીડાણ:

'સંસ્કૃત ગૌરવ પરીક્ષા'નું પેમ્ફિલિટ



smp

માધ્ય

# સંસ્કૃત ગૌરવ પરીક્ષાનો અભ્યાસક્રમ















अनुक्रमः





## સંસ્કૃતગૌરવપરીક્ષાની વિગતો.

બાળકોમાં સંસ્કૃતભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં **"સંસ્કૃત ગૌરવ પરીક્ષા"**નો પ્રકલ્પ ચાલી રહ્યો છે જે અન્વયે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષા નું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

**"સંસ્કૃત ગૌરવ પરીક્ષા"** દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે તારીખ 07/01/2023 ને શનિવારના રોજ યોજવામાં આવનાર છે જે અંતર્ગત શાળાઓમાં સ્વેચ્છાએ ભાગ લેવા ઇચ્છતા બાળકોની વિગતો મોકલવાની તારીખ પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

આપના જીલ્લા હસ્તકની શાળાઓના બાળકો ભાગ લઇ શકશે, તે મુજબની આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

### ❖ પરીક્ષા પ્રણાલી

કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા 50 રહેશે. ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા 50 હોય તો કેન્દ્ર કરી શકાશે.

છઠ્ઠા ધોરણથી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઈ પણ વિદ્યાર્થીઓ તેમજ કોઈપણ સામાજિકવ્યક્તિ આ પરીક્ષામાં ભાગ લઈ શકે છે.

એક વર્ષમાં એક સાથે સોપાન ક્રમે સૌપ્રથમ પ્રવેશિકા અને પ્રદીપિકા ત્યારબાદ જ પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

### ❖ પંજીકરણ (Registration) પ્રક્રિયા

સૌ પ્રથમ Google Playstore માં જઈને **સંસ્કૃતગૌરવપરીક્ષા** એપ્લિકેશન ડાઉનલોડ કરી ઈ-મેઈલ આઈડીથી લોગઈન કરવું. ત્યારબાદ **Register as institure** પર ક્લિક કરવાથી સંસ્કૃતગૌરવપરીક્ષા સંબંધી માહિતી અને સુચનાઓ જોવા મળશે. અને સૌથી નીચે Continue બટન પર ક્લિક કરવાથી ફોર્મ ખુલશે. ફોર્મ સંપૂર્ણ ભરાઈ ગયા બાદ Register and Pay fee પર ક્લિક કરવાથી પેમેન્ટનું ઓપ્શન આવશે. તેમાં એટીએમ કાર્ડ, યુપીઆઈ, ગુગલ પે વગેરે દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થઈ ગયા બાદ આપને My Registrationમાં Waiting for comformationનો સંદેશ બતાવશે. તેમાં સંસ્કૃતગૌરવપરીક્ષા કાર્યાલય દ્વારા 24 કલાકની અંદર આપના રજિસ્ટ્રેશનની પુષ્ટી કરવામાં આવશે. ત્યારબાદ આપ પરીક્ષાર્થીઓના નામની યાદી (Excel File) અપલોડ કરી શકશો. તેમજ જુના પરીક્ષાર્થીઓની યાદી ડાઉનલોડ કરવી વગેરે પ્રક્રિયાઓ કરી શકશો.

ખ) અંતિમ દિનાંક સુધીમાં રજીસ્ટ્રેશન કરી દેવું. ત્યારબાદ રજીસ્ટ્રેશન થઈ શકશે નહિ.

ઘ ) યાદીમાં જે પરીક્ષાર્થીનું નામ લખેલ હશે, તે જ નામનું પ્રમાણપત્ર લખવામાં આવશે. તેથી યાદીમાં પરીક્ષાર્થીનું પૂરું નામ, પિતાજીનું નામ અને છેલ્લે અટક લખવી.

❖ સંસ્થા માટે પરીક્ષા શુલ્ક

1.प्रवेशिका रू 60, 2.प्रदीपिका रू 60, 3.प्रमोदिका रू 60, 4.प्रवाहिका रू 60

(કેન્દ્રસંયોજકને પોતાના કેન્દ્રના પરીક્ષાના શુલ્કમાંથી પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે રૂ. 10 આપવામાં આવે છે. આ દસ રૂપિયા કેન્દ્ર સંયોજકના વ્યય, Excel ફોર્મેટ તૈયાર કરવા, ટપાલ, નિરીક્ષક પુરસ્કાર વગેરે વ્યવસ્થા માટે છે.)

❖ પરીક્ષા

ચારેય પરીક્ષાઓ O.M.R પદ્ધતિથી લેવામાં આવશે. કુલ 50 પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નના બે (2) ગુણ રહેશે.

❖ પરિણામ અને પ્રમાણપત્ર

ક) ઉત્તીર્ણતા માટે 40 ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમકે ...

| | |
|---|---|
| તૃતીય શ્રેણી | - 40 થી 54 |
| દ્વિતીય શ્રેણી | - 44 થી 69 |
| પ્રથમ શ્રેણી | - 70 થી 84 |
| વિશેપયોગ્યતા | - 85 થી 100 |

ખ) પરીક્ષા પૂરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે.

(પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે.)

આપને આ પરીક્ષા બાબત કોઈ પણ પ્રશ્ન હોય તો નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

**સંસ્કૃતભારતી, ગુજરાત કાર્યાલય**

દૂરભાષ – 079-25384808 ડૉ.નૈતિક પ્રજાપતિ, સમય- સવારે 10 થી 6

સંયોજક ગુર્જર પ્રાન્ત- ડૉ.નિકુંજ પટેલ – 9898470070

સંયોજક સૌરાષ્ટ્ર પ્રાન્ત – શ્રી પ્રણવ રાજ્યગુરૂ મો. - 9428108912
Email- sgpariksha@gmail.com